ઘર છોડવા મજબૂર અઝઝી



ઘર છોડવા મજબૂર અઝઝી




એક દેશ માં યુદ્ધ શરુ થયું હતું,
અને ત્યાં આ વાર્તા શરુ થાય છે.



આ વાર્તા અઝઝી ની છે.



દરરોજ યુદ્ધ અઝઝી ના ઘર ની નજીક આવી રહ્યું હતું, પણ એનું જીવન એકસરખું ચાલી રહ્યું હતું.


અઝઝી ના પાપા હજી ડૉક્ટર
તરીકે કામ કરતા હતા.
એની માં સરસ કપડાં
સીવતી હતી.
એની દાદીમા ગરમ ધાબળા
ગૂંથતી હતી.
સવારે દાદીમા અઝઝી ને સ્કૂલ લઈ જતા
હતા.
એ જયારે ઘરે આવતી, ત્યારે ઘણીવાર
એની મિત્રમંડળી રમવા આવતી.


ક્યારેક એ બગીચા ની દીવાલ ઉપર થી સૈનિકો ની કવાયત જોતા હતા.


ક્યારેક હેલિકોપ્ટર અને મશીનગન નો કર્કશ
અવાજ એટલો મોટો હતો


...કે મરઘી ઇંડા મૂકવાનું છોડી અહીં-તહીં
ભાગમ-ભાગ કરતી.






પાપા, માઁ અઝઝી અને દાદીમા ઉતાવળ કરવા લાગ્યા.
પાપા એ કઠોળ ની બેગ લીધી. માઁ એ દાદીમા એ ગૂંથેલો ધાબળો લીધો.
અઝઝી એ એનો લાડકો ટેડી બેઅર બોબો લીધો. દાદીમાં એ અઝઝી ને કોટ પહેરાવ્યો.




"હું અહીં જ રહીશ, ઘર ની સંભાળ રાખવા," દાદીમા એ કહ્યું.
"મારા જીવ ને કોઈ ધોખો નથી. ચિંતા નહીં કરતા, હું પછી આવીશ."
દાદી ને છોડી ને જવાનું અઝઝી ને બહુ દુઃખ થયું.




માઁ એ અઝીઝી ને ગાડી ની પાછલી સીટ પર દાદીમા ના ધાબળા માં સંતાડી.
પાપા એ ગાડી ડુંગર તરફ પૂરપાટ દોડાવી.
મન પ્રસન્ન રાખવા માઁ ગાયન ગાવા લાગી.
થોડે દૂર જતા કોઈએ ગાડી ઉભી રખાવી. ગાડી ની બારી માં થી ટોર્ચ નો પ્રકાશ અંદર આવ્યો. સૈનિકે બૂમ પાડી, "તમારા કાગળો બતાવો!" અઝીઝી એ કંઈ હિલચાલ ન કરી. એના ઓળખપત્ર ન હતા, એ એને ખબર હતી. એ ગભરાયેલી હતી. પણ એ સૈનિકો ની નજરે પડી નહીં.
પાપા પહેલા થી પણ વધારે ઝડપ થી ગાડી ચલાવવા લાગ્યા.
અઝીઝી ભૂખ-તરસ થી વ્યાકુળ થઈ ગઈ હતી.
બોબો ને કસી ને પકડયો અને ધીરે-ધીરે સૂઈ ગઈ.



એ જયારે ઉઠી, ત્યારે ગાડી થંભી ગઈ હતી.
માઁ એ દરવાજો ખોલ્યો અને અઝઝી ને સવાર ની ઠંડી હવામાં બહાર કાઢી.
અતિશય વિશાળ પણ શાંત સમુદ્ર અઝઝી ની દ્રષ્ટિ માં પડયો.



સમુદ્ર માં થોડે દૂર એક હોડી ગોદી પર બાંધેલી હતી. લોકો એના તરફ દોડી રહ્યા હતા. પાપા, માઁ અને અઝઝી ગાડી ને કિનારે છોડી ને એ તરફ દોડયા.



ગોદી પર લોકો હોડી સુધી પહોંચવા ધક્કા-મુક્કી કરતા હતા. દરેક ને યુદ્ધ ના જોખમ થી બચવું હતું.
પાપા અને માઁ એ પણ ધક્કા-મુક્કી કરી, પોતાની સમગ્ર તાકાત થી.



એક સીડી થી તેઓ હોડી સુધી પહોંચ્યા અને એમાં ચઢી ગયા.
"બસ, હોડી ભરાઈ ગઈ છે, હવે વધારે નહીં," નાવિકે બૂમ પાડી, અને હોડી ને બાંધેલું દોરડું છોડયું. એણે એન્જીન શરુ કર્યું, હોડી ફરી અને ખુલ્લા સમુદ્ર તરફ જવા લાગી.




મોજા ની સાથે ઉપર-નીચે, દિવસ અને રાત્રે, એ નાની હોડી સમુદ્ર નું પાણી કાપી ને આગળ જતી રહી.



અઝઝી એ જયારે એના સૂકા હોઠ પર જીભ ફેરવી તો એને સમુદ્ર ના છાંટા ની ખારાશ નો સ્વાદ આવ્યો. એણે જયારે બોબો ને આલિંગન માં લીધો, તો એની રૂંવાટી સમુદ્ર ના ખારા પાણી ને લીધે સખત થઈ ગયેલી લાગી. એણે જયારે સૂવા ની કોશિશ કરી, તો દાદીમા નો ઓઢેલો ધાબળો એને ભીનો અને ઠંડો લાગ્યો.



નવો દિવસ શરુ થઈ રહ્યો હતો. આકાશ માં ફક્ત એક જ તારો હતો. સામે ગુલાબી-રાખોડી રંગ ની જમીન દેખાવા લાગી.
પહેલી વાર અઝઝી એ નવો દેશ જોયો.


નવા દેશ માં બધું જ અલગ હતું.
લોકો અલગ હતા. તેઓએ અઝઝી ને જે ખાવાનું આપ્યું
એનો સ્વાદ પણ અલગ હતો.
સર, શું હું તમારા કાગળ-પત્ર જોઈ શકું?
પુરુષો અને સ્ત્રીઓ પાપા અને માઁ સાથે એવી ભાષા માં બોલતા હતા જે તેઓ સમજી નહોતા શકતા.


એક માણસ આવ્યો જે એમની ભાષા બોલી શકતો હતો. એ અને પાપા ઘણી વાર સુધી વાતો કરતા રહ્યા.


આખરે એમને એમના નવા ઘરે લઈ જવા એક બસ આવી.


પણ એમના જૂના ઘર થી એ બિલકુલ અલગ હતું. એ નાનું હતું, ફક્ત એક રૂમ. બાથરૂમ રૂમ ની બહાર હતું.
"જો અઝઝી," માઁ એ કહ્યું, "દયાળુ લોકોએ આપણને ફર્નિચર અને વાસણ આપ્યા છે."
"મને જલ્દી કામ કરવાની પરવાનગી મળશે," પાપા એ કહ્યું. "પછી હું આપણે માટે એક સરસ ઘર બનાવીશ."
અઝઝી એ વિચાર્યું, "દાદીમા વગર સરસ ઘર કેવી રીતે બનશે?"



ઘણા દિવસો સુધી માઁ અને અઝઝી એ મોટા શહેર ની સડકો પર ચાલતા રહ્યા. છેવટે અઝઝી ને પ્રવેશ મળી શકે એવી સ્કૂલ ની માહિતી માઁ ને મળી.



અઝઝી એના નવા ટીચર ને મળી. એણે એની સાથે હાથ મિલાવ્યા અને માયાળુ અવાજે બોલ્યા, "હેલો, અઝઝી. મારુ નામ મિસ્ટર મિલર છે. આપણે સોમવારે વર્ગ માં મળશું." અઝઝી ની માઁ 'સોમવાર' એ શબ્દ સમજ્યા. એણે માથું હલાવ્યું અને સ્મિત કર્યું.



રવિવારે રાતે માઁ એ અઝઝી ને સોફા પર સૂવડાવી.
અઝઝી મનમાં દાદીમા વિષે વિચારતી હતી, જે જૂના યુદ્ધખોર દેશ માં સાવ એકલા હતા.



પછી એ નવી શાળા વિષે વિચારવા લાગી.
અહીં ની ભાષા ન આવડે તો બીજા સાથે મૈત્રી કેવી રીતે કરવી?
એ એના નવા શિક્ષક ને કેવી રીતે સમજશે?



સ્કૂલ માં કેટલો ઘોંઘાટ હતો! અઝઝી ની આસ-પાસ છોકરાઓ અહીં-તહીં દોડા-દોડી કરી રહ્યા હતા. એના કપડાં અલગ હતા, એની ભાષા અલગ હતી. અઝઝી ને હેલ્લો કહેવા માટે પણ કોઈ રોકાયું નહીં.



શાળા નો ઘંટ વાગ્યો. અઝઝી બીજા બાળકો પાછળ મિસ્ટર મિલર ના વર્ગ માં ગઈ. એ ગમગીન હતી. એણે મનમાં કહ્યું, "હું રડવાની નથી."



મિલર સરે તાળી પાડીને બાળકો ને શાંત કર્યા. એ બોલ્યા, "આજથી અઝઝી નામની એક નવી છોકરી આપણી સાથે જોડાઈ છે, આપણે એનું સ્વાગત કરીયે." મિલર સરે શું કહ્યું એ અઝઝી ને સમજાયું નહીં.


આખરે એ શબ્દો એને સંભળાયા, જે એ સમજી શકી.
એકદમ શાંત અને મૃદુ અવાજ માં, એની માતૃભાષા માં.
એણે એક દયાળુ ચહેરાવાળી સ્ત્રી જોઈ. "હેલ્લો, અઝઝી. મારુ નામ સબીન છે. હું તને મદદ કરવા આવી છું."
મિસ્ટર મિલર જે કહી રહ્યા હતા એ સબીન અઝઝી ને કહેવા લાગી. એ અઝઝી ને થોડા નવા શબ્દો શીખવાડવા લાગી. અઝઝી જલ્દી 'હેલ્લો' અને 'ગુડબાય' અને 'મારુ નામ અઝઝી છે' એ બોલતા શીખી ગઈ.



પણ બપોર ના જમવાના સમયે એને ફરી
એકલતા લાગી. માઁ એ બનાવેલું ભોજન એણે
કર્યું, જે બીજા ના ભોજન કરતા જુદું હતું.



જમ્યા પછી એ કોટ પહેરીને રમવાના મેદાન
માં ગઈ.



કોઈ એના તરફ દોડી ને આવી રહ્યું હતું.
"હેલ્લો!" છોકરી એ કહ્યું. "મારુ નામ લુસી છે."
અઝઝી સબીને શીખવાડેલું યાદ કરવા લાગી.
"ગુડબાય," એ બોલી. "મારુ નામ અઝઝી છે."



"તારે 'હેલ્લો' કહેવું છે ને?" લુસી હસીને બોલી.
"હેલ્લો મારુ નામ અઝઝી, ગુડબાય," અઝઝી બોલી.
લુસી થોડું વધારે હસી, અને અઝઝી પણ હસી.
"ચાલ, આપણે દોરડું કૂદીએ," લુસી એ કહ્યું.



લુસી દોરડું કૂદતી હતી ત્યારે અઝઝી જોવા લાગી. પાંચ વાર કૂદી ને લુસી નો પગ દોરી માં ભરાઈ ગયો અને એ ઉભી રહી. હવે અઝઝી નો વારો હતો.



અઝઝી વીસ વાર કૂદી. ત્યાં એનો પણ પગ દોરી માં ભરાઈ ગયો અને એ ઉભી રહી. એ દિવસે અઝઝી એક નવો શબ્દ શીખી - દોરી કૂદવી.


બહુ સરસ ચિત્ર છે, અઝઝી!
જેમ જેમ દિવસો જવા લાગ્યા, સબીન ઘણીવાર અઝઝી ને એના સ્કૂલ ના કામ માં મદદ કરવા લાગી. એક સવારે અઝઝી એ બંદૂકવાળા હેલિકોપ્ટર નું ચિત્ર બનાવ્યું.


હું ભયભીત થઈ ગઈ હતી.
અઝઝી સબીન ને યુદ્ધ ની કહાણી કહેવા લાગી, એ કેવી રીતે એના પાપા અને માઁ સાથે ભાગી આવી, અને દાદીમા ને એકલા મૂકી ને આવવું કેટલું વસમું લાગ્યું. "તારી ભાવના હું સમજી શકું છું," સબીને કહ્યું. "હું પણ છ વર્ષ ની હતી ત્યારે મારો દેશ છોડી ને અહીં આવી છું."


સબીને અઝઝીને એની મુસાફરી ની વાર્તા સંભળાવી.
"મેં મારા પરિવાર સાથે જંગલ માં થી પ્રવાસ કર્યો,
અમે નદી પાર કરી,
ડુંગર ચઢ્યા-ઉતર્યા,
અને છેવટે એક શિબિરમાં પહોંચ્યા.
શિબિર માં અમે ઘણા વર્ષો રહ્યા.
પછી મને આગળ જવા ની અનુમતિ મળી.
પણ મારા કુટુંબ ને પાછળ રહેવું પડયું. એ સૌથી દુઃખદ વાત હતી.
પણ એક દિવસ એ મને આવીને મળશે. તને પણ તારી દાદીમા ક્યારેક આવી ને મળશે," સબીને કહ્યું.



એ પછી સબીન અઝઝી ની માઁ ને ઘણી વાર મળતી અને વાતો કરતી. એક દિવસ એણે કહ્યું,
"અઝઝી બહુ સારું કરી રહી છે. એનું અંગ્રેજી સુધરી રહ્યું છે."
"પણ એ એની માતૃભાષા ભૂલવી ન જોઈએ," માઁ એ શંકા વ્યક્ત કરી.
"ના, ના!" સબીન હસી ને બોલી. "એ મારી જેમ બંને ભાષા બોલશે."



ઘરે જતા માઁ એ અઝઝી ને એ દિવસે
શીખેલા શબ્દો કહ્યા. 'મને એ જોઈએ'
અને 'આની કિંમત કેટલી?' અને 'કેળા'.



અઝઝી એ એની માઁ ને એ દિવસે
શીખેલા શબ્દો કહ્યા. 'હું આ લઉં કે?'
અને 'આ શું છે?' અને 'દાદીમા'.



પાપા જયારે ઘરે આવ્યા, ત્યારે બહુ થાકેલા હતા, એટલે એમણે શીખેલા નવા શબ્દો કહી ન શક્યા. એ પલંગ માં સૂઈ ગયા. માઁ રાત્રી નું ભોજન બનાવવા લાગી.

"તમને કામ મળ્યું, પાપા?" અઝઝી એ પૂછ્યું.

"ના અઝઝી," પાપા એ કહ્યું. "મને હજી અહીં કામ કરવાની પરવાનગી નથી. મારી પાસે એક બાગ હોત તો હું એમાં કઠોળ વાવી ને આપણું ભોજન ઉગાડી શકત. પણ હવે મારા બીજ નકામા છે. અને મારી પાસે કોઈ કામ નથી." એમણે આંખો બંધ કરી.



સ્કૂલ માં અઝઝી એક થી દસ સુધી ગણતા શીખવા લાગી. "થોડા સમય માં તું મારા પગ ના આંગળા ગણતા શીખી જઈશ," સબીને કહ્યું.



એ ઘણી વાર લુસી સાથે બપોર ના ભોજન ની અદલા-બદલી કરતી.
લુસી કહેતી, "મને આ રાજમા બહુ ભાવે છે."



વસંત ઋતુ ના એક ઉષ્ણ દિવસે મિસ્ટર મિલરે વર્ગ ના વિદ્યાર્થીઓ સાથે વાત કરી.
"કાલે આપણે બાગકામ શીખવાનું છે. આપણે સ્કૂલ ના બાગ માં બીજ રોપી ને શરૂઆત કરીશું. શું શું ઉગાડી શકાય એના ચિત્રો કોણ બનાવશે?"
"હું!" બધાએ એકસાથે કહ્યું.





અઝઝી એના જૂના ઘર ના બગીચા વિષે વિચારી રહી હતી, કેવા લીલા ટમેટા લાલ થઈ જતા, કોબી ઉપર પાન ના થર કેવા લાગી જતા, ભોપળા ની વેલ કેવી વાડ પર ચઢી જતી, સૂર્યમુખી ના ફૂલ કેવા રસોડા તરફ વળી જતા જયારે અઝઝી એની મનપસંદ વાનગી રાજમા ખાવા બેસતી.



અઝઝી ઉભી થઈ અને બ્લેકબોર્ડ તરફ ગઈ. ત્યાં એણે રાજમા નું ચિત્ર દોર્યું. "શાબાશ, અઝઝી," મિસ્ટર મિલરે કહ્યું. "આપણે એ ખાઈ શકીયે અથવા એને જમીન માં રોપી ને ઉગાડી શકીયે, જે આપણને ઘણા વધારે રાજમા ના બીજ આપી શકે." એજ સમયે અઝઝી ને એક તેજસ્વી ઉપાય સૂઝયો.


એ રાજમા ના બીજ લેવા
ઘરે આવી.
એ પોતે રાજમા ના બી
સ્કૂલ ના બાગ માં
ઉગાડવાની હતી.
અને એના પાપા ને
આશ્ચર્યચકિત કરવાની હતી.
અઝઝી રૂમ માં બેગ લેવા
દોડી.
એણે અંદર હાથ નાખ્યો.
બેગ ખાલી હતી!
અને એક લહેજતદાર સોડમ
આવી રહી હતી!
"જો, અઝઝી," માઁ એ કહ્યું.
"મેં તારે માટે મસાલા રાજમાં
બનાવ્યા છે!"
અઝઝી ની આંખ માં થી
દડદડ આંસુ વહેવા લાગ્યા.
તું થાકી ગઈ હોઈશ,
મારી વ્હાલી!
માઁ અઝઝી નું દર્દ સમજી ન
શકી.



એ દિવસે અઝઝી માટે મસાલા રાજમા ખાવાનું મુશ્કેલ હતું. એના મનમાં એ વિચારો ચાલતા હતા કે દરેક બીજ માં થી મોટો છોડ થાત, જેમાં ફળી ઉગત, અને પાનખર સુધી માં એ માઁ અને પાપા માટે અને આખી સ્કૂલ માટે રાજમા એકત્રિત કરી શકત. એ એના પાપા ને રાજી કરી શકત, જેટલા રાજી એ પહેલા રહેતા હતા.



અઝઝી ને ઊંઘ નહોતી આવતી, એટલે એ જૂના અને આનંદી દિવસો વિષે વિચારવા લાગી. માઁ કેવી રીતે એને માટે નવા કપડાં સીવતી, દાદીમા ને એ સૂત છૂટું પાડવામાં કેવી રીતે મદદ કરતી. પણ પછી આદત પ્રમાણે એ ચિંતા કરવા લાગી. શું એ લોકો આ નવા સુરક્ષિત દેશ માં રહી શકશે? શું દાદીમા ઘરે કોઈ મુસીબત માં હતા?


પણ અચાનક અઝઝી જાગૃત થઈ. તકિયા નીચે કંઈક હતું!
રાજમા ના બીજ! પાપા ની બેગ માં થી નીચે પડેલા. ખોવાયેલા અને વિસરાયેલા.
બીજ જે કોઈ એ રાંધી ને ખાધા નહોતા.
અઝઝી માટે આઠ પરિપૂર્ણ દાણા જે એ સ્કૂલ ના બાગ માં ઉગાડી સકતી હતી.
એ સોફા પર ચઢી અને સાવધાની થી એને એના કોટ ના ખિસ્સા માં મૂક્યા.
હવે એ દાદીમા ના ધાબળા નીચે લપેટાઈને આનંદ થી સૂઈ ગઈ.



રાજમા ના આઠ દાણા! આજે એને વાવવાના હતા. અઝઝી એ આઠ લાકડીઓ એના સ્કૂલ ના બગીચા માં જમીન માં ખોસી.
દરેક લાકડી ની બાજુ માં એણે એક ખાડો બનાવ્યો.



"તને આ રીતે બીજ ઉગાડતા કોણે શીખવ્યું, અઝઝી?" મિસ્ટર મિલરે પૂછ્યું.
"મારી દાદીમા એ," અઝઝી બોલી.
"અને હવે તું અમને શીખવે છે," સબીને કહ્યું.



સ્કૂલ થી ઘરે જતા અઝઝી એના બીજ ને સ્કૂલ ના બાગ માં ઉગવા ના વિચારો માં ખોવાયેલી રહી.
પણ માઁ પાસે પણ એક રહસ્ય હતું. એ દુકાન માં હસતી હતી.
આશ્ચર્ય, આશ્ચર્ય!
તેણે રસ્તો ઓળંગ્યો.
તું તૈયાર છે?
તેઓ ઘર ના દરવાજા સામે આવ્યા.


એણે કહ્યું, "તારી આંખો બંધ
કર, અઝઝી."


"હવે તારી આંખો ખોલ," એણે
કહ્યું.


અઝઝી એ ચીસ પાડી,
"દાદીમા!"


અને એ દાદીમા ના ખોળા માં પડી અને આનંદ થી રડવા લાગી.
દાદીમા પણ આનંદ થી રડવા લાગ્યા.અને માઁ અને પાપા પણ.



દાદીમા બહુ થાકેલા હતા,
પણ રાત્રી ભોજન પછી
એણે એની આખી કહાણી
સંભળાવી.
"ખરાબ માણસો બંદૂક
લઈ ને ઘરે આવ્યા. હું
બહુ ગભરાઈ ગઈ.
આપણું સુંદર ઘર,
બગીચો, મરઘાં, મારે
બધું છોડવું પડયું.
અહીં આવવા માટે મેં
મારી સોનાની બંગડી
વેચી.
એક મોટી લોરી માં મેં રાતે
મુસાફરી કરી. એ મુશ્કેલ
અને ખતરનાક હતી.
દિવસ દરમ્યાન અમારે
સંતાવું પડયું હતું.
હું જયારે અહીં આવી તો
મને ડર હતો કે એ લોકો
મને પાછી મોકલશે.
જયારે મને કહેવામાં
આવ્યું કે હું અહીં રહી શકું
છું, તો હું બહુ રાજી થઈ.
અત્યારે આપણે સુરક્ષિત
છીએ અને સાથે છીએ, મારે
માટે એજ ઘણું છે."



એ નાના ઘર માં અઠવાડિયાઓ વીત્યા, અને એક સવારે પાપા ના કાગળપત્ર આવ્યા. "આપણે અહીં રહી શકીશું!" પાપા જોરથી બોલ્યા. "આપણે સુરક્ષિત છીએ. અને હવે હું કામ કરી શકીશ! મારી સાથે આવો!"



એ બધા સાથે ઘર ની બહાર નીકળ્યા. બધા ને ખૂણા ના એક ઘર માં લઈ ગયા. એ ઘર માં આંગણું હતું.



"હવે હું નોકરી કરી શકું છું, એટલે આપણે અહીં રહી શકીશું," પાપા બોલ્યા. "અહીં બે રૂમ છે, એક બાથરૂમ છે, અને એક આંગણું છે જ્યાં આપણે ભાજીપાલો ઉગાડી શકીયે."
"સિલાઈ મશીન માટે જગ્યા!" માઁ બોલી.
"સૂતકામ કરવા માટે પણ જગ્યા છે!" દાદીમા એ કહ્યું.
"મારે લુસી સાથે દોરડા કૂદવા માટે જગ્યા છે!" અઝઝી એ કહ્યું. અને એણે વિચાર્યું, "મારુ નવું ઘર મારા જૂના ઘર જેવું તો નથી, પણ અહીં રહેવાની મજા આવશે."



એ ઉનાળા માં, અઝઝી સ્કૂલ માં નવી વસ્તુઓ શીખી.



ઘરે, દાદીમા એને જૂના દિવસો ની વાર્તાઓ કહેતા.



બીજા દેશ નો એક છોકરો, જમાલ આવ્યો. અઝઝી અને લુસીએ એને અંગ્રેજી ભાષા શીખવામાં મદદ કરી. જમાલ દોરડા કૂદવામાં માહેર હતો.



સ્કૂલ ના બગીચા માં દરરોજ રાજમા ના છોડ એની લાકડી ના આધારે વધવા લાગ્યા, મધમાખી ફૂલો ની મુલાકાત લેવા આવી. થોડા સમય માં લીલી ફળી બની અને અંદર રાજમા ના દાણા વધવા લાગ્યા.



ઉનાળો પૂરો થવા આવ્યો. અઝઝી ના રાજમા ના છોડ ની દાંડી ભૂરી અને સૂકી થઈ ગઈ. ફળી ને હલાવવાથી અંદર ના રાજમા ના દાણા નો ખડખડ અવાજ આવવા લાગ્યો.
"આવો અવાજ આવે ત્યારે અમે ફળી ને ફોલી ને અંદર ના દાણા બહાર કાઢીયે," અઝઝી એ કહ્યું.
બધા બાળકોએ, અને મિસ્ટર મિલરે, અને સબીને ફળી ની શીંગ માં થી રાજમા ના દાણા બહાર કાઢ્યા.
"અઝઝી, આમાંથી થોડા દાણા આવતે વર્ષે વાવવા માટે રાખું?" મિસ્ટર મિલરે પૂછ્યું.
"એટલે, આવતા વર્ષે સ્કૂલ ના ભોજન માટે આપણે પૂરતા રાજમા ઉગાડી શકીયે."
"મને એ ગમશે," અઝઝી એ કહ્યું, એની નવી ભાષામાં.



આખરે અઝઝી રાજમા ના દાણા ને ઘરે લઈ ગઈ. પાપા એ આંખો ફાડી ને જોયું, અને જોતા જ રહી ગયા. દાણા હાથ માં લઈ ને એ બોલ્યા, "આ તો આપણા દેશ ના લાવેલા દાણા જેવા જ લાગે છે."

"હા," અઝઝી એ કહ્યું, "એમાંથી આઠ દાણા મને તકિયા નીચેથી મળ્યા. મેં એ સ્કૂલ ના બાગ માં વાવ્યા. હવે આપણી પાસે એક બેગ ભરીને છે!"

પાપા એ અઝઝી ને ચૂમી લીધી.




એણે થોડા દાણા આવતી વસંત માં પોતાના વાડા માં વાવવા માટે રાખ્યા.



દાદીમા એ થોડા દાણા રાત્રી ના ભોજન માટે પકાવવા લીધા.



માઁ એ બીજા દાણા શિયાળા ના ભોજન માટે સાચવી ને રાખ્યા.



"હવે તમે ખુશ છો ને, પાપા?" અઝઝી એ પૂછ્યું.
"હા, હું બહુ રાજી છું, અઝઝી," એણે કહ્યું.
"હું આજે મસાલા રાજમા બનાવવાનો વિચાર કરું છું," માઁ એ કહ્યું.
"નવા રાજમા, નવું આયુષ્ય," રાજમાનું વાસણ ઉપાડતા દાદીમા એ કહ્યું.
અને બોબો હસ્યો, કારણકે એ હંમેશા હસતો હતો.







અઝઝી અને એના માઁ-બાપ મુસીબત માં છે ...

એમણે એમનું ઘર છોડી ને બીજા દેશ માં ભાગવું પડયું, જ્યાં નવી ભાષા શીખવી પડી અને અજાણ્યા લોકો સાથે રહેવું પડયું. અઝઝી ધૈર્ય અને હિમ્મત થી નવા વાતાવરણ માં રહેતા શીખી જાય છે, પણ દાદીમા પાછળ રહી જાય છે. અઝઝી એની દાદીમા ને ફરી મળી શકશે?

અત્યંત મૃદુતા અને રમૂજી રીતે કહેવામાં આવેલી આ વાર્તા સર્વ વયના વાચકો ને આનંદ આપશે.



ISBN 978-1-84780-261-3
9 781847 802613
51799
UK£12.99 US$17.99
FRANCES LINCOLN CHILDREN'S BOOKS
www.franceslincoln.com